Enrolment No.____________

# SARVAJANIK UNIVERSITY

S-2023 Date: 16-10-23 Time: 12:00 PM to 02:30 PM
Re-Exam/Remedial Exam

## LL.B. - SEMESTER– II EXAMINATION

**Course Code: BLLB1CC201** **Total Marks: 60**
**Course Name: Constitutional Law of India II**
**Instructions:**
**1. All questions are compulsory.**
**2. Figures to the right indicate full marks.**
**3. Cite important case laws in support of your answers.**

Q. 1 Do as directed: 10

1. Fill in the blank: ________ shall appoint an Attorney-General for India.
2. Choose the appropriate option: who has power to make legislation for giving effect to international agreements?
   a. State legislature
   b. Parliament
   c. Both (a) and (c)
   d. Governor
3. State whether true or false: Appointments and promotion of District Judges in any state shall be made by Governor of the State in consultation with the High Court exercising jurisdiction in relation to such state.
4. Choose the appropriate option: Every proclamation issued under article 352 shall be cease to operate at the expiration of _________ month.
   a. Three
   b. Four
   c. Two
   d. One
5. State whether true or false: Parliament may in exercise of its constituent power amend by way of addition, variation or repeal any provision of this constitution in accordance with the procedure laid down in article 368.
6. State whether true or false: Every Panchayat, unless sooner dissolved under any law for the time being in force, shall continue for five years.

7. State whether true or false: The legislature of the state may by law adopt any one or more of the languages in use in the state or Hindi as the official language.

8. Choose the appropriate option: Every person who is a citizen of India and who is not less than ________ of age shall be entitled to be registered as a voter at any election.
   a. 20
   b. 21
   c. 18
   d. 19

9. Choose the appropriate option: which of the following qualification is required for election as President?
   a. He is a citizen of India
   b. He has completed the age of thirty-five years
   c. he is qualified for election as a member of the House of the people
   d. All of the above

10. Fill in the blank: In seventh Schedule, there is _______ list.

Q. 2 Discuss constitution, powers and jurisdiction of the High Court. 10

OR

Q. 2 Explain in detail provision relating to election.

Q. 3 *Discuss in detail amendment of the constitution.* 10

OR

Q. 3 *Explain administrative relation between the Union and the State.*

Q. 4 Discuss the provisions relating to appointment of Governor, his term and conditions of Governor's office. 10

OR

Q. 4 Explain composition, powers and functions of the public service commission.

Q. 5 Write Short Notes: (Any two) 10

1. Impeachment of the President.
2. Comptroller and Auditor General of India
3. Official language
4. Tribunals

Q. 6 Explain in brief case laws: (Any two) 10

1. I.R. Coelho v. State of Tamilnadu
2. S.R. Bommai v. Union of India
3. Golak Nath v. State of Punjab
4. Minerva Mills Ltd. v. Union of India

સુચના

૧. બધા પ્રશ્નો ફરજીયાત છે.

૨. જમણી બાજુના અંક ગુણ દર્શાવે છે.

૩. ઉતારોના સમર્થનમાં મહત્વના કેસ-લો ટાંકો.

પ્ર. ૧. સુચના પ્રમાણે કરો. ૧૦

૧. ખાલી જગ્યા પૂરો : ________ ભારતના એટર્ની જનરલની નિમણૂક કરશે.

૨. યોગ્ય વિકલ્પ પસંદ કરો: આંતરરાષ્ટ્રીય સમજૂતીઓનો અમલ કરવા માટે કાયદો બનાવવાની સત્તા કોની પાસે છે?

એ. રાજ્ય વિધાનસભા

બી. સંસદ

સી. (એ) અને (બી) બંને

ડી. ગવર્નર

૩. ખરું છે કે ખોટું જણાવો: કોઈ રાજ્યના જિલ્લા ન્યાયાધિશ તરીકેની નિમણૂકો અને બઢતી, રાજ્યપાલ, તે રાજ્ય સંબંધમાં હકુમત વાપરતી હાઈકોર્ટ સાથે વિચારણા કરીને કરશે.

૪. યોગ્ય વિકલ્પ પસંદ કરો: કલમ ૩૫૨ હેઠળનું કટોકટીનું જાહેરનામું ________ મહિનાનો સમય પૂરો થતા અમલમાં રહેશે નહિ.

એ. ત્રણ

બી. ચાર

સી. બે

ડી. એક

૫. ખરું છે કે ખોટું જણાવો: સંસદ પોતાની બંધારણીય સત્તાનો ઉપયોગ કરીને કલમ ૩૬૮માં નકકી કરાયેલ કાર્યવાહી અનુસાર, આ બંધારણની કોઈ પણ જોગવાઈ, ઉમેરો, ફેરફાર અથવા તે રદ કરીને, સુધારી શકે છે.

૬. ખરું છે કે ખોટું જણાવો: કોઈ પણ પંચાયતનું પ્રવર્તમાન હેઠળ વહેલુ વિસર્જન કરવામાં આવે તે સિવાય, તે પાંચ વર્ષ સુધી ચાલુ રહેશે.

૭. ખરું છે કે ખોટું જણાવો: : રાજ્ય વિધાનમંડળ, તે રાજ્યમાં વપરાતી એક કે તેથી વધારે ભાષાઓને અથવા હિન્દીને રાજ્યના તમામ અથવા કોઈ સત્તાવાર હેતુ માટે વાપરવાની ભાષા તરીકે સ્વીકારી શકે.

૮. યોગ્ય વિકલ્પ પસંદ કરો: દરેક વ્યક્તિ કે જે ભારતનો નાગરિક છે અને જેની ઉંમર ______થી ઓછી નથી તે કોઈપણ ચૂંટણીમાં મતદાર તરીકે નોંધણી કરાવવા માટે હકદાર રહેશે.

એ. ૨૦ સી. ૧૮

બી.૨૧ ડી. ૧૯

૯. યોગ્ય વિકલ્પ પસંદ કરો: રાષ્ટ્રપતિ તરીકેની ચૂંટણી માટે નીચેનામાંથી કઈ લાયકાત જરૂરી છે?

એ. તે ભારતનો નાગરિક હોવા જોઈએ

બી. તેમણે પાંત્રીસ વર્ષની ઉંમર પૂર્ણ કરેલ હોવી જોઈએ

સી. તે લોકસભાના સભ્ય તરીકેની ચૂંટણી લડવાની તેની લાયકાત હોવી જોઈએ

ડી. ઉપરોક્ત તમામ

૧૦. ખાલી જગ્યા પૂરો : સાતમી અનુસૂચિમાં_______યાદી છે.

પ્ર.૨ હાઈકોર્ટનું બંધારણ, સત્તાઓ અને હકૂમતોની ચર્ચા કરો. ૧૦

અથવા

પ્ર.૨ ચૂંટણીને લગતી જોગવાઈ સવિસ્તર સમજાવો.

પ્ર.3 બંધારણના સુધારા અંગે વિગતવાર ચર્ચા કરો. ૧૦

અથવા

પ્ર.3 સંઘ અને રાજ્ય વચ્ચેના વહીવટી સંબંધોને સમજાવો.

પ્ર.૪ રાજ્યપાલની નિમણુક, હોદ્દાની મુદત અને શરતો ચર્ચો. ૧૦

અથવા

પ્ર.૪ જાહેર સેવા આયોગની રચના, સત્તાઓ અને કર્યો સમજાવો.

પ્ર.૫ ટૂંક નોંધ લખો. (કોઈપણ બે) ૧૦

૧.રાષ્ટ્રપતિનો મહાભિયોગ

૨.ભારતના કોમ્પટ્રોલર અને ઓડિટર જનરલ

3.સત્તાવાર ભાષા

૪.ન્યાયપંચો

પ્ર.૬ કેસ-લો સંક્ષિપ્તમાં સમજાવો. (કોઈપણ બે) ૧૦

૧. આઈ. આર કોએલ્હો વિ. સ્ટેટ ઓફ તમિલનાડુ

૨. એસ. આર. બોમ્માઇ વિ. યુનિયન ઓફ ઇન્ડિયા

3. ગોલક નાથ વિ. સ્ટેટ ઓફ પંજાબ

૪. મિનરવા મિલ્સ લિ. વિ. યુનિયન ઓફ ઇન્ડિયા

Enrolment No.__________

# SARVAJANIK UNIVERSITY

S-2023 Date: 17-10-23 Time: 12:00 PM to 02:30 PM
Re-Exam/Remedial Exam

## LL.B. - SEMESTER– II EXAMINATION

**Course Code: BLLB1CC202** **Total Marks: 60**

**Course Name: Special Contract**

**Instructions:**

**1. All questions are compulsory.**

**2. Figures to the right indicate full marks.**

**3. Cite important case laws in support of your answers.**

Q. 1 Do as directed: 10

1. Define C.I.F. Contract.
2. Fill in the blank: __________ have no agreement in terms of the duration of partnership.
3. How many parties are required in a contract of guarantee?
4. Choose the appropriate option: It is not an essential element of contract of bailment __________.
   - a. purchase of goods
   - b. doing contract
   - c. delivery of goods
   - d. return of goods in specific time
5. State whether true or false: A Contract of Indemnity is a wagering agreement.
6. Choose the appropriate option: Bailee should care the goods as per __________.
   - a. man of ordinary prudence
   - b. owner
   - c. debtor
   - d. servant
7. Define pledge.
8. *Fill in the blank:* __________ parties are required in execution of a bill of exchange.
9. *What is the minimum partner requirement to start a partnership firm?*
10. State whether true or false: All cheques are bill of exchange but all bill of exchanges are not cheque.

Q. 2 Define surety and explain rights and liabilities of a surety. 10

OR

Q. 2 Define 'Contract of Guarantee' and 'Contract of Indemnity' and distinguish between the two.

Q. 3 Explain provisions relating to the registration of partnership firm under the Indian Partnership Act, 1932. 10

OR

Q. 3 Discuss provisions of Indian Partnership Act, 1932 with regard to outgoing partners.

Q. 4 Discuss the below maxim with its exceptions: 10

'Nemo dat quod non habet'. (No one can transfer a better title than he himself has)

OR

Q. 4 Explain implied conditions and warranties in a contract of sale.

Q. 5 Write Short Notes: (Any two) 10

1. Types of partners
2. Sale of goodwill after the dissolution
3. Essential elements of promissory note
4. Noting and protest

Q. 6 Explain in brief case laws: (Any two) 10

1. Padam Parshad v. Punjab National Bank
2. Bank of Bihar v. State of Bihar
3. De Bussche v. ALT
4. Sunder Singh v. Punjab National Bank

સૂચનાઓ:

૧. બધા પ્રશ્નો ફરજિયાત છે.

૨. જમણી બાજુના અંક ગુણ દર્શાવે છે.

૩. ઉત્તરોના સમર્થનમાં મહત્વના કેસ લો ટાંકો.

પ્ર. ૧ સૂચના પ્રમાણે કરો: ૧૦

૧. સી. આઈ. એફ. કરારની વ્યાખ્યા આપો.

૨. ખાલી જગ્યા પૂરો: ________ ભાગીદારીમાં સમયગાળાના સંદર્ભમાં કોઈ કરાર હોતો નથી.

૩. જામીનગીરીના કરારમાં કેટલા પક્ષકારોની જરૂર છે?

૪. યોગ્ય વિકલ્પ પસંદ કરો: નિક્ષેપના કરારનું ________ આવશ્યક તત્વ નથી.

એ. માલની ખરીદી

બી. કરાર કરવો

સી. માલની સોંપણી

ડી. ચોક્કસ સમયે માલ પરત

૫. ખરું છે કે ખોટું જણાવો: ક્ષતિપૂર્તિ નો કરાર જુગારી કરાર છે.

૬. યોગ્ય વિકલ્પ પસંદ કરો: નિક્ષપગ્રહિતાએ ________ મુજબ માલની સંભાળ રાખવી જોઈએ.

એ. સામાન્ય બુદ્ધિ ધરાવતો માણસ

બી. માલિક

સી. મુખ્ય દેવાદાર

ડી. નોકર

૭. જંગમ મિલકતના ગીરોની વ્યાખ્યા આપો.

૮. ખાલી જગ્યા પૂરો: વિનિમયપત્રના અમલ માટે ________ પક્ષકારો જરૂરી છે.

૯. ભાગીદારી પેઢી શરૂ કરવા માટે ઓછામાં ઓછા કેટલા ભાગીદારની જરૂર છે?

૧૦. ખરું છે કે ખોટું જણાવો: બધા ચેકો વિનિમય પત્ર છે પરંતુ બધા વિનિમય પત્રો ચેક નથી.

પ્ર. ૨ જામીનની વ્યાખ્યા આપી જામીનના હક્કો અને જવાબદારીઓ સમજાવો. ૧૦

અથવા

પ્ર. ૨ 'જામીનગીરીનો કરાર' અને 'ક્ષતિપૂર્તિ નો કરાર' ની વ્યાખ્યા આપી બંને વચ્ચેનો તફાવત આપો.

પ્ર. 3 ભારતીય ભાગીદારી અધિનિયમ, 1932 હેઠળ ભાગીદારી પેઢીની નોંધણીને લગતી જોગવાઈઓ સમજાવો. ૧૦

અથવા

પ્ર. 3 ભારતીય ભાગીદારી અધિનિયમ, 1932 ના સંદર્ભમાં છુટા થતાં ભાગીદારોની જોગવાઇઓ ચર્ચો ૧૦

પ્ર. ૪ નીચેના સૂત્રની અપવાદ સહિત ચર્ચા કરો.
'નેમો ડેટ ક્વોડ નોન હેબેટ'. (કોઈ પણ પોતાની પાસે હોય તેનાથી સારો હક્ક બીજાને આપી શકે નહિ)

અથવા

પ્ર. ૪ માલ વેચાણના કરારની ગર્ભિત શરતો અને ખાતરીઓ સમજાવો. ૧૦

પ્ર. ૫ ટૂંકનોધ લખોઃ (કોઈપણ બે)

૧. ભાગીદારના પ્રકારો

૨. વિસર્જન પછી ગુડવીલનું વેચાણ

૩. વચનચિઠ્ઠીના આવશ્યક તત્વો

૪. નોંધણી અને વિરોધ

પ્ર. ૬ કેસ લો સક્ષિપ્તમાં સમજાવોઃ (કોઇપણ બે) ૧૦

૧. પદમ પાર્ષદ વિ. પંજાબ નેશનલ બેંક

૨. બેંક ઓફ બિહાર વિ. સ્ટેટ ઓફ બિહાર

૩. ડી. બુશે વિ. એ. એલ. ટી.

૪. સુંદર સિંહ વિ. પંજાબ નેશનલ બેંક

Enrolment No.__________

SARVAJANIK COLLEGE OF LAW SURAT SELF FINANCE

# SARVAJANIK UNIVERSITY

**S-2023 Date: 18-10-23 Time: 12:00 PM to 02:30 PM**
**Re-Exam/Remedial Exam**

## LL.B. - SEMESTER– II EXAMINATION

**Total Marks: 60**

**Course Code: BLLB1CC203**
**Course Name: Law of Crimes II**
**Instructions:**

1. **Attempt all questions.**
2. **Figures to the right indicate full marks.**
3. **Cite important case laws in support of your answers.**

Q. 1 Do as Directed: 10

1. State whether True or False: Homicide is killing of a human being by another human being.
2. State whether True or False: Wrongful confinement is a form of wrongful restraint.
3. Choose the appropriate option: A shakes his fist at Z, thereby causing Z to believe that A is about to strike Z. A has committed ________.
   a. *Assault*
   b. *Criminal breach of trust*
   c. Hurt
   d. None of the above.
4. Fill in the blank: In all robbery, there is either _______ or extortion.
5. Fill in the blank: Whoever makes any false document with an intent to cause damage to any person commits the offence of ________.
6. Choose the appropriate option: A, for the purpose of inducing B to desist from prosecuting a suit, threatens to burn B's house. A is guilty of __________.
   a. Criminal breach of trust
   b. Criminal intimidation
   c. *Cheating*
   d. *Assault*

7. Choose the appropriate option: Criminal misappropriation of property is limited to:
a. Immovable property
b. Movable property
c. Both a and b
d. None of the above

8. Define Stolen Property under the Indian Penal Code.

9. Fill in the blank: To attract the provisions of Section 304-B, dowry death should have occurred within ____ years of marriage.

10. Define the offence of kidnapping from India under the Indian Penal Code.

Q. 2 Discuss the provisions for cases of rape and aggravated rape under the Indian Penal Code, as amended by the Criminal Law (Amendment) Act, 2013 and 2018. 10

OR

Q. 2 Define hurt and explain the circumstances under which hurt becomes grievous hurt.

Q. 3 Enumerate the following under the offence of Murder: 10
(i) Grave and sudden provocation
(ii) Public servant exceeding his powers.

OR

Q. 3 Explain the offence of dowry death and discuss the defences available to the accused husband in trial.

Q. 4 Define extortion and discuss the aggravated forms of extortion. 10

OR

Q. 4 Discuss the criminal misappropriation of property and cheating.

Q. 5 Write Short Notes: (Any two) 10

1. Euthanasia
2. Unnatural offences
3. Abduction
4. Libel and Slander

Q. 6 Explain in brief case laws: (Any two) 10

1. *Bachan Singh* v. State of Punjab
2. *Machhi Singh* v. State of Punjab
3. K.M. Nanavati v.State of Maharashtra
4. R v. Nagappa

સૂચના:

૧. બધા પ્રશ્નો ફરજિયાત છે.

૨. જમણી બાજુના આંક ગુણ દર્શાવે છે.

૩. ઉત્તરોના સમર્થનમાં મહત્વના કેસ-લૉ ટાંકો.

૧૦

પ્ર. ૧ સૂચના પ્રમાણે કરો:

૧. ખરું છે કે ખોટું જણાવો: મનુષ્યવધ એટલે એક મનુષ્યથી બીજા મનુષ્યને મારી નંખાવું.

૨. ખરું છે કે ખોટું જણાવો: ગેરકાયદે અટકાયત એ ગેરકાયદે અવરોધનું એક સ્વરૂપ છે.

૩. યોગ્ય વિકલ્પ પસંદ કરો: 'અ' 'ઝ' ની સામે મુક્કો ઉગામે છે અને આમ કરી તે 'ઝ' ને મારશે એમ માનવા 'ઝ' ને પ્રેરે છે. 'અ' એ ________નો ગુનો કર્યો છે.

એ. હુમલા

બી. ગુનાહિત વિશ્વાસઘાત

સી. વ્યથા

ડી. ઉપર્યુક્તમાંથી કોઈ નહિ

૪. ખાલી જગ્યા પૂરો: દરેક લૂંટમાં ________ અથવા બળજબરીથી કઢાવી લેવાનું કૃત્ય હોય છે.

૫. ખાલી જગ્યા પૂરો: જે કોઈ વ્યક્તિ કોઈ વ્યક્તિને નુકસાન પહોંચાડવાના ઈરાદાથી બનાવટી દસ્તાવેજ ઊભો કરે તે વ્યક્તિ ________ નો ગુનો કરે છે.

૬. યોગ્ય વિકલ્પ પસંદ કરો: 'બ' અમુક દાવો ચલાવે નહિ તે હેતુથી તેનું ઘર સળગાવી દેવાની 'અ' 'બ' ને બીવડામણી બતાવે છે. 'અ' એ ________નો ગુનો કર્યો છે.

એ. ગુનાહિત વિશ્વાસઘાત

બી. ગુનાહિત ધમકી

સી. ઠગાઇ

ડી. હુમલો

૭. યોગ્ય વિકલ્પ પસંદ કરો: મિલકતની ગુનાહિત ઉચાપત ________ પૂરતી સીમિત છે.

એ. સ્થાવર મિલકત

બી. જંગમ મિલકત

સી. એ અને બી બંને

ડી. ઉપર્યુક્તમાંથી કોઈ નહિ.

૮. ભારતીય દંડ સંહિતા અન્વયે ચોરીનો માલની વ્યાખ્યા આપો.

૯. ખાલી જગ્યા પૂરો: કલમ ૩૦૪-બીની જોગવાઈ લાગુ પાડવા માટે દહેજ મૃત્યુ લગ્નના ______ વર્ષોની અંદર નીપજ્યું હોવું જોઈએ.

૧૦. ભારતીય દંડ સંહિતા અન્વયે ભારતમાંથી અપહરણની વ્યાખ્યા આપો.

પ્ર. ૨ ફોજદારી કાયદો (સુધારા) અધિનિયમ, ૨૦૧૩ અને ૨૦૧૮થી સુધારાયેલ ભારતીય દંડ સંહિતા અન્વયે બળાત્કાર અને બળાત્કારના ગંભીર સ્વરૂપોના કેસો માટેની જોગવાઈઓની ચર્ચા કરો. ૧૦

અથવા

પ્ર. ૨ વ્યથાની વ્યાખ્યા આપો. કયા સંજોગોમાં વ્યથા મહાવ્યથા બની જાય છે તે ઉદાહરણ સહિત સમજાવો.

પ્ર. ૩ ખૂનના ગુના અન્વયે વર્ણવો: ૧૦

(i) ગંભીર અને ઓચિંતાનો ઉશ્કેરાટ

(ii) રાજ્યસેવકનું પોતાની સત્તા કરતા બહાર જવું

અથવા

પ્ર. ૩ દહેજ મૃત્યુનો ગુનો સમજાવી આવા ગુનાની સુનાવણીમાં આરોપી પતિને મળતા બચાવોની ચર્ચા કરો.

પ્ર. ૪ બળજબરીથી કઢાવી લેવાની વ્યાખ્યા આપી તેના ગંભીર સ્વરૂપોની ચર્ચા કરો. ૧૦

અથવા

પ્ર. ૪ મિલકતની ગુનાહિત ઉચાપત અને ઠગાઈની ચર્ચા કરો.

પ્ર. ૫ ટૂંકનોંધ લખો: (કોઇપણ બે) ૧૦

૧. ઈચ્છામૃત્યુ

૨. સૃષ્ટિક્રમ વિરુદ્ધના ગુના

૩. અપનયન

૪. લેખિત બદનક્ષી અને મૌખિક બદનક્ષી

પ્ર. ૬ કેસ-લૉ સંક્ષિપ્તમાં સમજાવો: (કોઇપણ બે) ૧૦

૧. બચ્ચન સિંઘ વિ. સ્ટેટ ઓફ પંજાબ

૨. માછી સિંઘ વિ. સ્ટેટ ઓફ પંજાબ

૩. કે. એમ. નાણાવટી વિ. સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર

૪. આર. વિ. નાગપ્પા

Enrolment No.____________

SARVAJANIK UNIVERSITY

S-2023 Date: 19-10-23 Time: 12:00 PM to 02:30 PM
Re-Exam/Remedial Exam

SARVAJANIK COLLEGE SURAT SELF FINANCE

LL.B. - SEMESTER– II EXAMINATION

**Course Code: BLLB1CC204** **Total Marks: 60**

**Course Name: Administrative Law**

**Instructions:**

**1. Attempt all questions.**

**2. Figures to the right indicate full marks.**

**3. Cite important case laws in support of your answers.**

Q.1 Do as Directed: 10

1. Choose the appropriate option: Delegated Legislation cannot be controlled by ______________.
   a. Judiciary
   b. Parliament
   c. Executive
   d. Press
2. Choose the appropriate option: Which of these is not a public corporation?
   a. N. G. O. for disabled persons
   b. *Oil & Natural Gas Commission*
   c. *Reserve Bank of India*
   d. *Damodar Valley Corporation*
3. State whether true or false: 'Audi Alteram Partem' is the principle of natural justice according to which every person gets a chance of being heard.
4. Choose the appropriate option: A. V. Dicey criticized which legal system?
   a. English legal system
   b. French legal system
   c. Australian legal system
   d. American legal system
5. Fill in the blank: The Latin phrase __________ means 'have the body'.
6. Choose the appropriate option: Which of the following functions may not be delegated?
   a. Commencement of the Act
   b. Inclusion and exclusion
   c. *Application of existing laws*
   d. *Essential legislative functions*

7. Choose the appropriate option: Which of the following is not an essential to issue writ of mandamus?
   a. Legal duty of authority
   b. Refusal to do the duty
   c. Legal right of the petitioner
   d. It lies against private individual
8. Choose the appropriate option: Administrative law forms part of __________.
   a. international law
   b. common law
   c. public law
   d. private law
9. Choose the appropriate option: Judicial review of an administrative action means __________.
   a. Review by the Parliament
   b. Review by the Government
   c. Review by the Judiciary
   d. Review by the Legislative Assembly
10. Define Ombudsman.

Q. 2 Discuss the judicial controls over Delegated Legislation. 10

OR

Q. 2 What is meant by discretionary powers of the administration? Discuss how the exercise of discretionary powers can be controlled.

Q. 3 Discuss the different definitions of Administrative Law and point out its nature and scope. 10

OR

Q. 3 Compare USA and Indian position on division of powers between organs of the State.

Q. 4 Elucidate various principles of natural justice. 10

OR

Q. 4 Discuss the nature, scope and extent of the powers of judicial review enjoyed by the Supreme Court.

Q. 5 Write short notes: (Any two) 10
1. Tortious liability of government
2. Distinguish between administrative tribunals and courts
3. Contractual liability of government
4. Rule of law

Q. 6 Explain in brief case law: (Any two) 10
1. Maneka Gandhi v. Union of India
2. A. D. M. Jabalpur v. Shivkant Shukla
3. Hamdard Dawakhana v. Union of India
4. Jagannath Rao v. Union of India

સૂચનાઓ:

૧. બધા પ્રશ્નો ફરજિયાત છે.

૨. જમણી બાજુના આંક ગુણ દર્શાવે છે.

3. ઉત્તરોના સમર્થનમાં મહત્વના કેસ-લૉ ટાંકો.

પ્ર. ૧ સૂચના પ્રમાણે કરો: ૧૦

૧. યોગ્ય વિકલ્પ પસંદ કરો: પ્રતિનિધિત્વથી વિધાન પર અંકુશ __________ દ્વારા લાવી શકાય નહીં.

એ. ન્યાયતંત્ર

બી. સંસદ

સી. વહીવટી તંત્ર

ડી. પ્રેસ

૨. યોગ્ય વિકલ્પ પસંદ કરો: આમાંથી કયું જાહેર નિગમ નથી?

એ. વિકલાંગ વ્યક્તિઓ માટે એન.જી.ઓ

બી. ઓઇલ એન્ડ નેચરલ ગેસ કમિશન

સી. ભારતીય રિઝર્વ બેંક

ડી. દામોદર વેલી કોર્પોરેશન

3. ખરું છે કે ખોટું જણાવો: "ઓડી અલ્ટરમ પાર્ટમ" (Audi Alteram Partem) એ કુદરતી ન્યાયનો સિદ્ધાંત છે જે મુજબ દરેક પક્ષકારને સુનાવણીની તક મળે છે.

૪. યોગ્ય વિકલ્પ પસંદ કરો: એ. વી. ડાઈસીએ કઈ કાનૂની વ્યવસ્થાની ટીકા કરી હતી?

એ. અંગ્રેજી કાનૂની વ્યવસ્થા

બી. ફ્રેન્ચ કાનૂની વ્યવસ્થા

સી. ઓસ્ટ્રેલિયન કાનૂની વ્યવસ્થા

ડી. અમેરિકન કાનૂની વ્યવસ્થા

૫. ખાલી જગ્યા પૂરો: લેટિન શબ્દસમૂહ __________ એટલે 'શરીર(વ્યક્તિ)ને હાજર કરો.'

૬. યોગ્ય વિકલ્પ પસંદ કરો: નીચેનામાંથી કયું કાર્ય પ્રતિનિધિત્વથી વિધાનમાં સોંપી ન શકાય?

એ. કાયદાની શરૂઆત કરવાનું

બી. મૂળથી જ કાયદામાં ન આવરી લેવામાં આવેલ વસ્તુ કે વ્યક્તિને કાયદો લાગુ પાડવાનું અને કાયદામાંથી મુક્તિ આપવાનું

સી. હાલના કાયદાનો બીજા રાજ્યોમાં અમલમાં મૂકવાનું

ડી. આવશ્યક ધારાકીય નીતિ ઘડવાનું

૭. યોગ્ય વિકલ્પ પસંદ કરો: પરમાદેશનું આજ્ઞાપત્ર ફરમાવવા માટે નીચેનામાંથી શું આવશ્યક નથી?

એ. સત્તાધિકારીની કાનૂની ફરજ

બી. તે ફરજનું પાલન કરવામાં કરેલ ઇન્કાર

સી. અરજદારનો કાનૂની અધિકાર

ડી. આ અજ્ઞાપત્ર ખાનગી વ્યક્તિ સામે દાખલ કરી શકાય છે.

૮. યોગ્ય વિકલ્પ પસંદ કરો: વહીવટી કાયદો __________નો ભાગ છે.

એ. આંતરરાષ્ટ્રીય કાયદા

બી. કોમન લૉ

સી. જાહેર કાયદા

ડી. ખાનગી કાયદા

૯. યોગ્ય વિકલ્પ પસંદ કરો: વહીવટી કાર્યનું ન્યાયિક પુનરાવલોકન એટલે ______________.

એ. સંસદ દ્વારા પુનરાવલોકન

બી. સરકાર દ્વારા પુનરાવલોકન

સી. ન્યાયતંત્ર દ્વારા પુનરાવલોકન

ડી. વિધાનસભા દ્વારા પુનરાવલોકન

૧૦. ઓમ્બડ્સમેનની વ્યાખ્યા આપો.

પ્ર. ૨ પ્રતિનિધિત્વથી વિધાન પરના ન્યાયિક અંકુશો ચર્ચો. ૧૦

અથવા

પ્ર. ૨ વહીવટી તંત્રની વિવેકબુદ્ધિયુક્ત સત્તાઓ એટલે શું? આ વિવેકબુદ્ધિયુક્ત સત્તાઓના ઉપયોગને કેવી રીતે અંકુશમાં રાખી શકાય છે તે ચર્ચો.

પ્ર. ૩ વહીવટી કાયદાની વિવિધ વ્યાખ્યાઓ ચર્ચી તેનું સ્વરૂપ અને કાર્યક્ષેત્ર દર્શાવો. ૧૦

અથવા

પ્ર. ૩ રાજ્યના અંગો વચ્ચે સત્તાઓના વિભાજન પર યુએસએ અને ભારતીય સ્થિતિની તુલના કરો.

પ્ર. ૪ કુદરતી ન્યાયના વિવિધ સિદ્ધાંતોને વિસ્તારથી સમજાવો. ૧૦

અથવા

પ્ર. ૪ સર્વોચ્ચ અદાલત દ્વારા ઉપયોગ કરવામાં આવતી ન્યાયિક પુનરાવલોકનની સત્તાઓનું સ્વરૂપ, કાર્યક્ષેત્ર અને હદની ચર્ચા કરો.

પ્ર. ૫ ટૂંકનોંધ લખો: (કોઈપણ બે) ૧૦

૧. સરકારની અપકૃત્યજન્ય જવાબદારી

૨. વહીવટી ન્યાયપંચ અને અદાલત વચ્ચેનો તફાવત

૩. સરકારની કરારજન્ય જવાબદારી

૪. કાયદાનું શાસન

પ્ર. ૬ કેસ-લો સંક્ષિપ્તમાં સમજાવો: (કોઈપણ બે) ૧૦

૧. મેનકા ગાંધી વિ. યુનિયન ઓફ ઈન્ડિયા

૨. એ. ડી. એમ. જબલપુર વિ. શિવકાન્ત શુક્લ

૩. હમદર્દ દવાખાના વિ. યુનિયન ઓફ ઇન્ડિયા

૪. જગન્નાથ રાઓ વિ. વિ. યુનિયન ઓફ ઈન્ડિયા

Enrolment No.__________

# SARVAJANIK UNIVERSITY

S-2023 Date: 20-10-23 Time: 12:00 PM to 02:30 PM

Re-Exam/Remedial Exam

SARVAJANIK COLLEGE OF LAW SURAT SELF FINANCE

## LL.B. - SEMESTER– II EXAMINATION

Total Marks: 60

**Course Code: BLLB1CC205**
**Course Name: Property Law**
**Instructions:**
**1. Attempt all questions.**
**2. Figures to the right indicate full marks.**
**3. Cite important case laws in support of your answers.**

Q. 1 Do as Directed: 10

1. Choose the appropriate option: Exception to the rule against perpetuity is ________.
   a. Purchase of land by a corporation.
   b. Covenant of redemption in a mortgage
   c. Contracts for perpetual renewal of a lease.
   d. All of the above
2. State whether true or false: Where property is transferred subject to a condition or limitation making any interest therein, reserved or given to or for the benefit of any person, to cease on his becoming insolvent or endeavouring to transfer or dispose of the same, such condition or limitation is void.
3. Choose the appropriate option: The kind/kinds of conditional transfer is/are _______.
   a. Condition precedent
   b. Condition subsequent
   c. Conditional limitation
   d. All of the above
4. Fill in the blank: Where on a transfer of property an interest therein is created for the benefit of an unborn person, he acquires, upon his birth a ________ interest, although he may not be entitled to the enjoyment thereof immediately on his birth.
5. Choose the appropriate option: Which of the following kind/kinds of subrogation is/are there in case of redemption of mortgage under Transfer of Property Act, 1882?
   a. Legal subrogation
   b. Conventional Subrogation
   c. Both a and b
   d. None of the above
6. Fill in the blank: The __________ of the dominant heritage is entitled to enjoy the easement without disturbance by any other person.



Scanned by CamScanner

7. Choose the appropriate option: When two persons mutually transfer the ownership of one thing for the ownership of another, neither thing or both things being money only, the transaction is called ________.
   a. Release Deed
   b. Easement
   c. An exchange
   d. Simple Mortgage
8. Choose the appropriate option: A lease of immovable property ________.
   a. is a sale of property for a certain time period
   b. is a transfer of property but not to use the property
   c. is a transfer of a right to enjoy such property
   d. None of the above
9. Choose the appropriate option: Under the Gujarat Town Planning and Urban Development Act, 1976, "occupier" includes ________.
   a. Owner
   b. Rent free tenant
   c. Licensee
   d. All of the above
10. Define allotee under the Real Estate (Regulation and Development) Act, 2016.

Q. 2 Define Lease and discuss rights and liabilities of Lessor and Lessee. 10

OR

Q. 2 Discuss provisions relating to transfer for the benefit of unborn person.

Q. 3 Discuss provisions relating to promoters under The Real Estate (Regulatory and Development) Act, 2016. 10

OR

Q. 3 Discuss various provisions relating to the appellate tribunal under The Real Estate (Regulation and Development) Act, 2016.

Q. 4 Define easement and discuss various kinds of easements along with illustrations. 10

OR

Q. 4 State essential elements of easement and discuss the provisions regarding extinction of easements.

Q. 5 Write short notes under the Gujarat Town Planning and Urban Development Act, 1976. (Any two) 10

1. Constitution of area development authority
2. Contents of draft development plan
3. Power of State Government to sanction draft development plan
4. Appointment and duties of Town Planning Officer

Q. 6 Explain in brief case laws: (Any two) 10

1. Smt. Shanta Bai v. State of Bombay
2. Ananda Behra v. State of Orissa
3. Ahmed Bin Salah v. Moh. Basha
4. Cooper v. Cooper



Scanned by CamScanner

સૂચનાઓ:

૧. બધા પ્રશ્નો ફરજીયાત છે.

૨. જમણી બાજુના અંક ગુણ દર્શાવે છે.

૩. ઉત્તરોના સમર્થનમાં મહત્વના કેસ લો ટાંકો.

પ્ર.૧ સૂચના મુજબ કરો: ૧૦

૧. યોગ્ય વિકલ્પ પસંદ કરો: શાશ્વતતા વિરુદ્ધના નિયમનો અપવાદ _______ છે.

એ. નિગમે ખરીદ કરેલ જમીન

બી. ગીરોમુક્તિની શરત

સી. ભાડાપટ્ટો કાયમી રીન્યુ કરવો

ડી. ઉપરોક્ત તમામ

૨. ખરું છે કે ખોટું જણાવો: જ્યારે કોઈ મિલકતનું એવી શરત કે મર્યાદાને આધીન રહીને હસ્તાંતર કરવામાં આવેલ હોય કે જેનાથી નાદાર થવાથી અથવા તે મિલકત હસ્તાંતર અથવા નિકાલ કરવાનો પ્રયત્ન કરવાથી કોઈ વ્યક્તિના લાભ માટે અનામત રખાયેલ કે અપાયેલ મિલકતમાંના હિતનો અંત આવશે, તો આવી શરત અથવા મર્યાદા વ્યર્થ છે.

૩. યોગ્ય વિકલ્પ પસંદ કરો: શરતી હસ્તાંતરના પ્રકાર/પ્રકારો _______ છે.

એ. પૂર્વવર્તી શરત

બી. ઉત્તરવર્તી શરત

સી. શરતી મર્યાદાઓ

ડી. ઉપરોક્ત તમામ

૪. ખાલી જગ્યા પૂરો: જ્યારે મિલકત હસ્તાંતરથી કોઈ અજાત વ્યક્તિના લાભાર્થે તેમાં હિત ઉત્પન્ન કરવામાં આવ્યું હોય, ત્યારે તે પોતાના જન્મથી _______ હિત પ્રાપ્ત કરે છે, ભલે પછી તે પોતાના જન્મ પછી તરત જ તેનો ઉપભોગનો અધિકાર ધરાવતો ન હોય.

૫. યોગ્ય વિકલ્પ પસંદ કરો: મિલકત હસ્તાંતરનો કાયદો, 1882 હેઠળ ગીરોમુક્તિના કિસ્સામાં નીચેનામાંથી કયા પ્રતિસ્થાપનના પ્રકાર કે પ્રકારો છે?

એ. કાનૂની પ્રતિસ્થાપન

બી. કરારજન્ય પ્રતિસ્થાપન

સી. એ અને બી બંને

ડી. ઉપરોક્તમાંથી કોઈ પણ નહિ

૬. ખાલી જગ્યા પૂરો: પ્રભુત્વશાળી મિલકતનો _______ સુખાધિકારનો, બીજી કોઈ વ્યક્તિની દખલગીરી સિવાય, ઉપભોગ કરવા અધિકારી છે.

૭. યોગ્ય વિકલ્પ પસંદ કરો: જ્યારે બે વ્યક્તિઓ અરસપરસ એક વસ્તુની માલિકીનું હસ્તાંતર બીજી વસ્તુની માલિકી માટે કરે. કોઈ પણ વસ્તુ પૈસા નથી અથવા બંને વસ્તુઓ માત્ર પૈસા છે, ત્યારે આવો વ્યવહાર _________ તરીકે ઓળખાય છે.

એ. રીલીઝ દસ્તાવેજ

બી. સુખાધિકાર

સી. વિનિમય

ડી. સાદો ગીરો



Scanned by CamScanner

૮. યોગ્ય વિકલ્પ પસંદ કરો: સ્થાવર મિલકતનો ભાડાપટ્ટો ________.

એ. ચોક્કસ સમયગાળા માટે મિલકતનું વેચાણ છે

બી. મિલકતનું હસ્તાંતર છે પરંતુ મિલકતનો ઉપભોગ કરવા માટે નહિ

સી. આવી મિલકતના ઉપભોગના અધિકારનું હસ્તાંતર છે

ડી. ઉપરોક્તમાંથી કોઈ પણ નહિ

૯. યોગ્ય વિકલ્પ પસંદ કરો: ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, 1976 હેઠળ 'ભોગવટો કરનાર'માં ________ નો સમાવેશ થાય છે.

એ. માલિક

બી. ભાડા મુક્ત ભાડુત

સી. પરવાનેદાર

ડી. ઉપરોક્ત તમામ

૧૦. ધી રીયલ એસ્ટેટ (રેગ્યુલેશન એન્ડ ડેવેલોપમેન્ટ) એક્ટ,2016 હેઠળ ફાળવણી મેળવનારની વ્યાખ્યા આપો.

પ્ર.૨ ભાડાપટ્ટાની વ્યાખ્યા આપી ભાડાપટાકર્તા અને ભાડાપટાગ્રહિતાના અધિકારો અને જવાબદારીઓ ચર્ચો. ૧૦

અથવા

પ્ર.૨ અજાત વ્યક્તિના લાભાર્થે હસ્તાંતર સંબંધિત જોગવાઈઓની ચર્ચા કરો.

પ્ર.૩ ધી રીયલ એસ્ટેટ (રેગ્યુલેશન એન્ડ ડેવેલોપમેન્ટ) એક્ટ,2016 હેઠળ પ્રયોજક સંબંધિત જોગવાઈઓની ચર્ચા કરો. ૧૦

અથવા

પ્ર.૩ ધી રીયલ એસ્ટેટ (રેગ્યુલેશન એન્ડ ડેવેલોપમેન્ટ) એક્ટ,2016 હેઠળ એપેલેટ ટ્રીબ્યુનલ સંબંધી વિવિધ જોગવાઈઓ ચર્ચો.

પ્ર.૪ સુખાધિકારની વ્યાખ્યા આપી સુખાધિકારના વિવિધ પ્રકારોની ઉદાહરણો સહિત ચર્ચા કરો. ૧૦

અથવા

પ્ર.૪ સુખાધિકારના આવશ્યક તત્વો જણાવી સુખાધિકારના વિલોપનને લગતી જોગવાઈઓની ચર્ચા કરો.

પ્ર.૫ ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, 1976 હેઠળ ટૂંકનોંધ લખો. (કોઈ પણ બે) ૧૦

૧. વિસ્તાર વિકાસ સત્તામંડળની રચના

૨. વિકાસ યોજનાના મુસદ્દામાંની વિગતો

૩. વિકાસ યોજનાનો મુસદ્દો મંજૂર કરવાની રાજ્ય સરકારની સત્તા

૪. નગર રચના અધિકારીની નિમણૂંક અને ફરજો

પ્ર.૬ કેસ લો સંક્ષિપ્તમાં સમજાવો. (કોઈ પણ બે) ૧૦

૧. શ્રીમતી શાંતા બાઈ વિ. સ્ટેટ ઓફ બોમ્બે

૨. આનંદ બેહરા વિ. સ્ટેટ ઓફ ઓરિસ્સા

૩. એહમદ બિન સલાહ વિ. મોહ. બાશા

૪. કૂપર વિ. કૂપર



Scanned by CamScanner